**ફોજદારી કેસ નંબર ૮૧૪૯/૨૦૧૪**
**એ.ડીવીઝન પો.સ્ટે.ફર્સ્ટ ૨૧૪/૨૦૧૪**

**ફરિયાદી :–શ્રી સરકાર**

વિરુધ્ધ

**આરોપી :– ૧. ફીરોજખાન ઉર્ફે મુન્નો ઈબ્રહીમખાન પઠાણ વીગેરે**

**ગુનો :– ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯,૧૧૪ મુજબ**

**––––––––––––––**
**//આંક ૧ લગત હુકમ//**
**––––––––––––––**

**૦૧.** રેકર્ડ વંચાણે લેતાં રાજકોટ એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૨૧૪/૨૦૧૪ ના કામે તપાસના અંતે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૭૩(૨) અન્વયે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯,૧૧૪ મુજબ શિક્ષાને પાત્ર ગુનાનું ચાર્જશીટ તારીખ ૭/૧૧/૨૦૧૪ના રોજ દાખલ કરવામાં આવેલ છે. ચાર્જશીટ વંચાણે લેતાં ફરિયાદીજમાલભાઈ રહીમભાઈ કુરેશી રીક્ષામાં બેસી જતા હતા તે સમયે ફરિયાદીની નજર ચુકવી ફરિયાદીના પેન્ટના ખીસ્સામાંથી પંચાવન હજાર રુપીયા કાઢી લીધેલ હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે. રેકર્ડ વંચાણે લેતાં સદર કામના આરોપીઓને પ્રોસેસ બજવણી માટે મોકલતાં અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવેલ પરંતુ બજે કે બીનબજે આજદિન સુધી પરત આવેલ નથી.

**૦૨.** આ કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ લક્ષમાં લેતાં, આ તબકકે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૯ લક્ષમાં લેવી જરૂરી છે.

**કલમ: ૨૩૯ :–**પોલીસ અહેવાલ તથા તે સાથે કલમ–૧૭૩ હેઠળ મોકલવામાં આવેલાં દસ્તાવેજો વિચારણામાં લીધા બાદ તથા મેજિસ્ટ્રેટને આવશ્યક

જણાય, તો આરોપીની તપાસણી (જો હોય તો) કર્યા બાદ તથા ફરિયાદ પક્ષ અને આરોપીને રજૂઆતની તક આપ્યા બાદ, મૅજિસ્ટ્રેટ આરોપી વિરૂધ્ધનું તહોમત વજૂદ વગરનું જણાય, તો તેને તે બિન–તહોમતે મુકત કરશે તથા તેમ કરવા માટે તેનાં કારણો નોંધશે.

**૩.** આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ વંચાણે લેતાં, આરોપી સામેનું તહોમત તેમજ ફરિયાદ પક્ષ અને આરોપીને રજૂઆતની તક આપ્યા બાદ જો મૅજિસ્ટ્રેટને આરોપી વિરૂધ્ધ તહોમતમાં વજૂદ ના જણાય, તો આરોપીને કારણો નોંધી ને બિન–તહોમત મુકત કરશે, તેવી સત્તા આપવામાં આવેલ છે.

**૪.** આ કામે સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એલ.જોષી ને સાંભળવામાં આવેલ છે. આ કામેનું સમગ્ર ચાર્જશીટ વંચાણે લેવામાં આવેલ છે.

**૫.** આ કામે આરોપીઓ વિરૂધ્ધ તેઓ પોલીસ અધિકારીનાં હવાલામાં હતાં, ત્યારે તેઓએ કરેલી કબૂલાત આધારે હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ થયેલ છે. આરોપીઓ પોલીસ હવાલામાં હતાં, ત્યારે તેઓ પાસેથી ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૨૭ મુજબ આપેલ માહિતીનાં પરિણામે મુદ્દામાલ આ કામે કોઈ રિકવર કે ડિસ્કવર થયેલ નથી પરંતુ આરોપીઓએ ગુનાવાળી જગ્યા બતાવેલ હોવાનું પંચનામું કરવામાં આવેલ છે પરંતુ ચાર્જશીટ વંચાણે લેતાં સદર ગુનો દાખલ થયા બાદ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ હોય જે હકીકત પોલીસની જાણમાં હતી તેની શોધ થઈ હોવાનું માની શકાય નહી. તે સિવાય આ કામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતાં, અન્ય કોઈ પરોક્ષ, પ્રત્યક્ષ કે સાંયોગિક પુરાવો નથી. તેવા સંજોગોમાં અને હાલનો કેસ ઘણો જૂનો છે, તે જોતાં તેમજ આરોપી વિરૂધ્ધ મૂકવામાં આવેલ

તહોમતમાં કોઈ વજૂદ જણાતું નથી. એટલે કે, આરોપી વિરૂધ્ધ કાયદા મુજબ ફરમાવી શકાય, તેવો કોઈ કાનૂની પુરાવો નથી. જેથી, આ અદાલતનાં નમ્રપણે માનવા મુજબ હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયનાં હિતમાં ઉચિત જણાતી ના હોઈ, આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

➔ આથી, આ કામ આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૩૯ અન્વયે બિન-તહોમત મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ આજરોજ, તારીખ:૯મી ,માહે સપ્ટેમ્બર ,સને:૨૦૨૩ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં, વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.**

**તારીખ :૦૯/૦૯/૨૦૨૩** **મોહંમદસલીમ હબીબખાન પઠાણ**

**સ્થળ : રાજકોટ** **(ચુ.આઈ.સી.જી.જે.૦૦૮૧૧)**

**જથા એડીશ્નલ ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ**

**રાજકોટ**